પોતાની સુધારણા પોતે કરો

લે. મૌલાના નઈમ સિદ્દીકી

• અનુવાદ •
મુહમ્મદ જમાલ પટીવાલા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

બે શબ્દો

જમાઅતે ઈસ્લામી હિંદના કાર્યક્રમોમાં લોકોનું ઈસ્લામી પ્રશિક્ષણ ખૂબ મહત્ત્વનું છે. આ જ હેતુસર જમાઅત, જ્યાં વિભિન્ન પ્રકારની તાલિમી શિબિરોનું આયોજન કરે છે, ત્યાં સૌથી વધુ ભાર એ વાત ઉપર મૂકે છે કે જમાઅત સાથે જોડાયેલાં લોકો પોતાની સુધારણા અને પ્રશિક્ષણનું આયોજન કરીને તેના ઉપર દૃઢતાથી અમલ કરે.

મર્કઝ (કેન્દ્ર)થી લઈને સ્થાનિક સ્તર સુધી જમાઅતથી સંલગ્ન લોકોના જરૂરી અને યોગ્ય માર્ગદર્શનનો ન માત્ર પ્રબંધ કરવામાં આવે છે, બલ્કે પરિસ્થિતિ અને જરૂરત અનુસાર તેમાં ઉચિત ફેરફારો અને સુધારા-વધારાનો ક્રમ પણ ચાલુ રહે છે, તથા દરેક સ્તરે જાઈઝા (Review and Examine, સમીક્ષા અને નિરીક્ષણ) અને ઇહતિસાબ (Evaluation, Check and Reckoning, મૂલ્યાંકન, તપાસ, હિસાબકિતાબ અને નિષ્કર્ષ)ની પાબંદીથી વ્યવસ્થા કરવામાં આવે છે.

સાથીઓનું ધ્યાન એ વાત તરફ પણ દોરવામાં આવે છે કે તેઓ પોતાની સુધારણા અને પ્રશિક્ષણ અંગેની પોતાની અંગત-વ્યક્તિગત જરૂરતોને સામે રાખીને જુદા-જુદા સ્તરના લોકો માટે પ્રશિક્ષણના જવાબદારો, ઉપરાંત એવા લોકોથી પણ લાભાન્વિત થઈ શકે છે, જેઓ તેમને આ સંદર્ભમાં યોગ્ય મદદ કરી શકતા હોય.

આશા છે કે પોતાની સુધારણા અને પ્રશિક્ષણ માટે ચિંતિત અને પ્રયત્નશીલ સાથીઓને આ સંક્ષિપ્ત, પરંતુ સર્વગ્રાહી પુસ્તિકાથી સારી મદદ મળશે.

દુઆ છે કે અલ્લાહતઆલા આપણને તેને પ્રિય અને પસંદ હોય તેવા અમલ અને આચરણ, નૈતિક મૂલ્યો અને ઉત્તમ ગુણો, ઉપરાંત એ જ પ્રકારની ભાવના અને કેફિયત પ્રદાન કરે, આમીન !

ડૉ. શકીલ અહમદ
ચેરમેન,
ઈસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત

بِسۡمِ ٱللَّهِ ٱلرَّحۡمَٰنِ ٱلرَّحِيمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રસ્તાવના

માનવીના વ્યક્તિત્વની સુધારણા અને નિર્માણ દુનિયાનું ખૂબ જ જટીલ, સંવેદનશીલ અને અત્યંત મુશ્કેલ કામ છે, જો કે અનિવાર્ય અને અગત્યનું પણ એટલું જ ! માનવતા જ્યાં સુધી ચરિત્રના ઉચ્ચ સિદ્ધાંતો અને મૂલ્યો પર કાયમ ન થઈ જાય, ત્યાં સુધી માનવ-સભ્યતાને કોઈ સારી રૂપરેખા અનુસાર વિકસિત કરવી સંભવ નથી. આજે જે વૈશ્વિક બગાડ અને ઉપદ્રવના આપણે ભોગ બનલા છીએ અને બેચેન કરી નાખે એવા ફિત્નાઓ આપણા ઘરોના સીમિત વાતાવરણથી લઈને યુનો જેવી મોટી સંસ્થા સુધી દરેક જગ્યાએ સળગી રહ્યા છે, તેનાથી છૂટકારાનો કોઈ ઉપાય એ સિવાય નથી કે માનવીનું ચરિત્ર અને વ્યક્તિત્વમાં વિચારસરણી અને આસ્થાથી લઈને તેની રાજકીય અને આર્થિક પ્રવૃત્તિઓ સુધી ક્રાંતિકારી પરિવર્તન આવે. આદમની સંતાન ભૌતિકવાદી ચરિત્રથી મુક્તિ મેળવીને ખુદાપરસ્ત ચરિત્રને અપનાવે. અહેસાસ રાખનારાં લોકો એક-એક કરીને આ અંધકારમય માહોલમાં સિતારાઓની જેમ ઉભરે.

એક કોમની હેસિયતે આપણે પોતે એક નૈતિક પરિવર્તનના અત્યંત મોહતાજ છીએ. આપણા સમાજમાં અનેક નૈતિક બીમારીઓ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી છે. આપણા ત્યાં વ્યક્તિગત અને પારિવારિક, સામૂહિક અને સામાજિક, કાર્યાલય અને કારોબારી; ઉપરાંત રાજકીય અને રાષ્ટ્રીય જીવન-ક્ષેત્રોમાં, બધાની નસે-નસમાં નૈતિક બગાડ વિષની જેમ દોડી રહ્યો છે. આ ઝેરની અસરો સ્પષ્ટ રૂપે દેખાઈ રહી છે. લોકો સારા સિદ્ધાંતો, સારી પરંપરાઓ અને સારા મૂલ્યોથી ખાલી થતાં જઈ રહ્યા છે. આ નૈતિક અધઃપતન દરેક પ્રકારની પ્રગતિમાં અવરોધરૂપ બની રહ્યું છે, અને તેના લીધે આપણી શક્તિઓ ક્ષીણ થતી રહે છે. જીવનની નવી શરૂઆત કરવા માટે આપણું પ્રથમ પગલું એ જ હોઈ શકે છે કે આપણા અંદર એક નૈતિક પરિવર્તન પ્રગટે.

માનવીઓમાં નૈતિક પરિવર્તન કેવળ બાહ્ય ઉપાયો કરવાથી આવી શકતું નથી. ફક્ત કાનૂન અને નીતિ-નિયમો, બોર્ડ અને કમિશનો, કાર્યાલયો અને સંસ્થાઓ, બંધનો અને મુક્તિઓની યુક્તિઓ, ન્યાયાલયો અને જેલ, દંડ અને શિક્ષાઓ માણસને સારો માનવી નથી બનાવી શકતા. નૈતિક ઈન્કલાબ હંમેશા માણસના અંદરથી શરૂ

થાય છે. જ્યાં સુધી કોઈ વિચારધારા તેના હૃદયમાં ઊતરી ન જાય, કોઈ હેતુ તેના અંદરથી હલચલ ઊભી ન કરે, જ્યાં સુધી સ્વયં તેને એ અહેસાસ ન થઈ જાય કે વર્તમાન હાલત એક ખોટી હાલત છે અને જ્યાં સુધી તે આ ખોટી હાલતથી નીકળીને સારી હાલત સુધી પહોંચવા માટે સ્વયંસેવી ભાવનાથી કામ નહીં લેવા લાગે, કોઈ મોટું નૈતિક પરિવર્તન નથી આવી શકતું. માણસના અંતરમનમાં જ્યાં સુધી પોતાનો જ દીપક પ્રજ્વલિત નથી થઈ જતો, બહારના સૂર્ય અને ચંદ્ર આ અંધકારથી મુક્તિ અપાવી નથી શકતા.

ઇસ્લામ પોતાના સર્વગ્રાહી સાંસ્કૃતિક ઇન્કલાબનો આરંભ આ જ પ્રકારના નૈતિક પરિવર્તનથી કરે છે. તે માનવ-ચરિત્રમાં પાયાની તબદીલી લાવવાનું આહવાન્ કરે છે. આ હેતુસર તે એક-એક વ્યક્તિમાં શક્તિઓને જગાવે છે. તે વ્યક્તિને ઈમાન જેવી શક્તિથી સમૃદ્ધ કરે છે. તે તકવા કે અલ્લાહના ડર જેવો સંરક્ષક તેના અંદર બેસાડે છે. તે અંતરાત્મા જેવો ગાર્ડ અને સલાહકાર તેના સાથે લગાવે છે. તે દિવ્ય જ્ઞાનની મશાલ તેના હાથમાં પકડાવે છે, જે સાચા અને ખોટાનો ફરક સ્પષ્ટ કરે છે. તે તેના અંદર સ્થાયી નિર્ધારને જગાવે છે, જે તેને ભલાઈ અને સફળતાના માર્ગે એક-એક કદમ આગળ વધારે છે. આજે આપણને અને આપણી સમસ્ત દુનિયાને ઇસ્લામના અપેક્ષિત નૈતિક ઇન્કલાબની આવશ્યકતા છે અને આ જ ભાવના હેઠળ આ પુસ્તિકા સંપાદિત કરવામાં આવેલ છે.

– નઈમ સિદ્દીકી

પોતાની સુધારણા પોતે કરો

ઇસ્લામમાં ચરિત્ર-નિર્માણ અને વ્યક્તિની સુધારણાની મૂળ જવાબદારી દરેક વ્યક્તિના પોતાના શિરે છે. આ વાત કરીને હું સામૂહિક જીવનનું મહત્ત્વ ઘટાડવા નથી માગતો.

મારા મતે માણસ પોતાના વ્યક્તિત્વના નિર્માણ માટે સારી સામૂહિક વ્યવસ્થા, પવિત્ર સમાજ અને ઉત્તમ માહોલનો મોહતાજ છે અને પ્રતિકૂળ સામૂહિક વાતાવરણમાં કોઈ વ્યક્તિએ પોતાની જાતની સુધારણાની કોશિશ કરવું એક એવી કઠિન પરીક્ષા છે કે જેની કલ્પનાથી જ હૃદય ધ્રુજી જાય છે. પરંતુ તેમ છતાં, એ હકીકત પોતાની જગ્યાએ સાચી છે કે અલ્લાહની નજીક દરેક વ્યક્તિ પોતાનો જવાબદાર પોતે છે. દરેક વ્યક્તિએ સ્વયં પોતે જ પોતાનો જવાબ આપવાનો છે. દરેક વ્યક્તિની તેની પોતાની શક્તિઓ અને જીવનના સાધનો તથા તેના પોતાના ચરિત્ર અને વ્યક્તિત્વ વિશે અલગ-અલગ પૂછપરછ થવાની છે કે તેણે તેના રક્ષણ માટે કયા પ્રકારની અને કેવી સાવધાની બતાવી છે. તેના ઉપયોગમાં ક્યાં સુધી કાળજી અને વિવેકથી કામ લીધું છે અને તેના વિકાસ અને સંવર્ધન માટે યથાસંભવ યુક્તિઓથી ક્યાં સુધી કામ લીધું છે. ત્યાં તો દરેક વ્યક્તિએ અલ્લાહની અદાલતમાં ત્યાં સુધી પોતાના પગ ઉપર ઊભા રહેવાનું છે, જ્યાં સુધી તે એ હિસાબ ન આપી દે કે તેણે પોતાનું આયુષ્ય કયા હેતુ અને વ્યસ્તતાઓમાં ખપાવ્યું. તેણે યુવાનીની શક્તિઓ કયા અભિયાનમાં વાપરી. તેણે કઈ રીતે રોજી પ્રાપ્ત કરી અને આ રોજીને કયા કાર્યોમાં ખર્ચ કરી; તેમજ સત્યની જેટલી પણ સભાનતા તથા ફરજો અને જવાબદારીઓ તેમજ હરામ અને હલાલનું જેટલું પણ જ્ઞાન તેને મળ્યું, તે અનુસાર અમલ કરવામાં તેણે કેટલી ક્રિયાશીલતા દાખવી. પોતાની જવાબદારીઓનો આ બોજ ઉઠાવવામાં તે બીજા કોઈને ભાગીદાર નહીં બનાવી શકે તથા મિત્રો અને પ્રિયજનો તેના સાથે ખભેખભા મેળવીને ઊભા થઈને એ પળોની પીડામાં કોઈ ભાગ નહીં લે.

وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ

"કોઈ બોજ ઉપાડનાર બીજા કોઈનો બોજ નહીં ઉપાડે." (અન્આમ:૧૬૪)

એ વાતનો અવકાશ છે અને ચોક્કસ છે કે પ્રતિકૂળ સંજોગોના કારણે એક વ્યક્તિને આખિરતની અદાલતમાં થનારા હિસાબ-કિતાબમાં છૂટછાટ મળે અને જે અનૈચ્છિક વિઘ્નો અને લાદવામાં આવેલ રુકાવટોનો ભોગ બનીને તે જેમાં વિવશ બની ગયો હોય તેમાંથી તેને મુક્તિ મળે, પરંતુ પ્રતિકૂળ માહોલથી સંઘર્ષ કરવાની જવાબદારીથી તે કોઈપણ સંજોગોમાં મુક્ત નથી થઈ શકતો. છેવટે એક પવિત્ર અને સ્વચ્છ સામૂહિક

વ્યવસ્થા, એક સાફસુથરો સમાજ અને એક અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવું પણ વ્યક્તિની પોતાની જ જવાબદારી છે, અને આ હેતુ માટે કોશિશ કરવાની શરૂઆત પણ કોઈ એક વ્યક્તિના આહવાનથી થાય છે. હવે જો વ્યક્તિના શિરે પાયાની અને આરંભિક જવાબદારી ન મૂકવામાં આવે, તો એક પ્રતિકૂળ માહોલ હંમેશ-હંમેશ માટે સ્થાયી બની જશે અને આપણું ભાગ્ય બનીને રહી જશે અને તે પ્રતિકૂળ લાદી દેવાયેલ માહોલ લોકો માટે એક અટલ બહાનું બની જશે. આ ચક્કર પછી ક્યાંયથી તૂટી જ નહીં શકે.

આ જ કારણ છે કે અંબિયા અલૈ.ના સુધારણાના આમંત્રણનો સૌપ્રથમ અને પ્રત્યક્ષ સન્મુખ સ્વયં વ્યક્તિ પોતે છે. અલ્લાહના દીનની પહેલી પોકાર આપણા-સૌમાંથી એક-એકની રૂહ અને જાત માટે છે. તેનો પહેલો સંદેશ 'قُوْٓا اَنْفُسَكُمْ' (બચાવો પોતાની જાતને... - તેહરીમ : ૬)નો સંદેશ છે. તેની સમગ્ર પ્રશિક્ષણ-વ્યવસ્થાનો ઉદ્દેશ્ય એ છે કે વ્યક્તિ પોતાના માટે પોતાના અંદર જ એક 'મુરબ્બી' (Patron, Fosterer) અને 'મુઝક્કી' (Purifier) ઉપલબ્ધ કરે. બાહ્ય મદદની પણ તમને જરૂર છે અને જ્ઞાન-પ્રાપ્તિ તથા કર્મોની સુધારણામાં બાહ્ય મદદ આપણા માટે અત્યંત જરૂરી અને ખૂબ જ ઉપયોગી પણ છે, પરંતુ પોતાના વ્યક્તિત્વના ખરા નિર્માતા આપણે પોતે જ છીએ અને આપણને આપણી સુધારણા માટે સૌથી વધારે આપણી જ મદદની આવશ્યકતા છે.

બહારથી મદદ

માનવીય વ્યક્તિત્વ અને ચરિત્રની સુધારણા માટે બહાર જે પરિબળો કામ કરી રહ્યા છે, તેમાંથી એક કાનૂનની શક્તિ છે. પરંતુ કાનૂન ફક્ત એ સામૂહિક વ્યવહારોની પકડ કરી શકે છે, જે સ્પષ્ટરૂપે બીજાઓ માટે હાનિકારક હોય અને જેના માટે પર્યાપ્ત સાક્ષી મળી જાય અને સાક્ષીની મદદથી ઘટનાઓનું સાચું ચિત્રાણ થઈ જાય અને સાચી વિગત સામે આવી જાય. કાનૂનની શક્તિ પોતાના નિર્ણયોમાં ભૂલ કરી શકે છે, પુરાવાઓ પૂરતા ન હોય તો લાચાર બની શકે છે, અંગત વ્યવહારના મામલામાં અસંબંદ્ધ પણ રહે છે. તે બૂરાઈને નાબૂદ કરવાના સંદર્ભમાં નકારાત્મક ઉપાયો તો કરી શકે છે, હકારાત્મક રીતે ચરિત્રના નિર્માણનું કર્તવ્ય પૂરું નથી કરી શકતી; અને પછી કર્મો પાછળ ભલાઈ અને બૂરાઈની જંગનો કોલાહલ હોય છે, તેને પહોંચી વળવાનું પણ તેના માટે અસંભવ છે.

બીજી શક્તિ પ્રજા-મતની શક્તિ છે, જે આપણને બૂરાઈને રોકવા અને ભલાઈની તરફ વધવામાં મદદ કરી શકે છે. સમાજની સારી પ્રચલિત પરંપરાઓ, શૈક્ષણિક વ્યવસ્થા તરફથી મનો-મસ્તિષ્કને સિંચન તથા સંબંધોના અને પરિચિત વર્તુળમાં સ્થાપિત મૂલ્યો અને કોઈક સૈદ્ધાંતિક પ્રશિક્ષણ અને પૂછપરછની વ્યવસ્થા, આ તમામ પરિબળો આપણને ખૂબ સહાયતા કરે છે. પરંતુ આ પરિબળો પણ આપણી રીતભાત

અને શિષ્ટાચારથી જ સંબંધ ધરાવે છે અને આપણા દિલની દુનિયામાં નથી ઊતરી શકતી, જેમાં આપણી સમગ્ર નૈતિક વ્યવસ્થાના રૂપરંગ ઘડાય છે. વિચારોની નદીનું એ પહેલું ઝરણું જે આપણા કેન્દ્ર 'અંતરાત્મા'માંથી ફૂટે છે અને જેનાથી આચરણ અને ચરિત્રની તમામ લહેરો ઉઠે છે, તેના ઉપર તો પ્રજા-મતને પણ અધિકાર પ્રાપ્ત નથી.

સમાજ તરફથી આપણા ચરિત્ર-નિર્માણ માટે એક વ્યાપક શિક્ષણ-પ્રશિક્ષણની વ્યવસ્થા પણ કામ કરે છે, જેનો પ્રથમ તબક્કો પરિવાર છે, પછી ઇબાદતગૃહો છે, મદ્રસાઓ અને શૈક્ષણિક સંસ્થાનો છે, પછી પત્રકારત્વ અને સાહિત્ય અને રેડિયો અને સીનેમા વગેરે માધ્યમો અને સાધનો છે, પછી જ્ઞાન, વિદ્યા તેમજ સંશોધન અને સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ છે. આ વિશાળ શિક્ષણ-પ્રશિક્ષણ વ્યવસ્થા આપણા મનો-મસ્તિષ્ક અને ચરિત્રના નિર્માણમાં ખૂબ મોટો ભાગ ભજવે છે. પરંતુ સૌપ્રથમ તો સ્વયં આ વિશાળ પ્રશિક્ષણ વ્યવસ્થામાં જે બગાડ આવે છે અને એમાં ભલાઈની સાથે-સાથે બૂરાઈ ભળી જાય છે, તો આ ઊલટું વ્યક્તિના ચરિત્રને ખરાબ કરવાનું શરૂ કરી દે છે. તેની ખરાબ અસરોથી પોતાને બચાવવા માટે વ્યક્તિમાં એક સભાન ઇરાદો હોવો જોઈએ. બીજું એ કે પ્રશિક્ષણ વ્યવસ્થા સારી હોવા છતાં પણ તે ફક્ત કેટલાક મામલાઓ અને પરંપરાઓ તથા અમુક ભાવનાઓ અને મૂલ્યો જ આપણને આપી શકે છે; પરંતુ એક સક્રિય માણસ બનવા માટે અને એક સુનિશ્ચિત અને જ્ઞાત નકશા ઉપર ઢળવા માટે પોતાના જ ઇરાદાની જરૂરત પડે છે.

બહારથી એક મદદ આપણને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવાની વિદ્યાથી મળી શકે છે. મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ આપણા મન-મસ્તિષ્કની ભૂમિનું ખોદાણ કરીને બગાડના અમુક ખાસ બીજ અને ફિત્ના (ઉપદ્રવ)ના કોઈ એક મૂળિયાનો નિર્દેશ તો કરી શકે છે, પરંતુ તે સુધારણા માટે આપણને મજબૂત ઈમાની ભાવના અને ક્રાંતિકારી દરજ્જાની નિર્ધાર-શક્તિથી સમૃદ્ધ નથી કરી શકતું.

આ તમામ પરિબળો અને માધ્યમો પોતાની જગ્યાએ ખૂબ જ ઉપયોગી અને આવશ્યક છે, પરંતુ તે આપણી આરંભિક જવાબદારીને ઓછી કરી શકતા નથી. માણસનું સ્વત્વ (નિજ, Self) જ્યાં સુધી સ્વયં જ જાગૃત થઈને વ્યક્તિત્વ અને ચરિત્રના નિર્માણ તથા બૂરાઈના હુમલાઓથી તેને બચાવવાનો નિર્ધાર ન કરી લે, કોઈ કાનૂન, કોઈ વા'ઝ (ધાર્મિક પ્રવચન), કોઈ દર્સ (ભાષણ કે વ્યાખ્યાન), કોઈ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ, કોઈ નિઝામે-તઝકિયાહ (આત્મ-શુદ્ધિની વ્યવસ્થા) અને કોઈ તરબિયતગાહ (તાલીમ-શાળા) માણસને સાચો અને સારો નથી બનાવી શકતા. પોતાની જ ચેતના જો ઊંઘતી રહે અને પોતાની જ નિર્ધાર-શક્તિ જો જડ, અવાક અને સંવેદનશૂન્ય બની જાય તો બહારની બધી યુક્તિ-પ્રયુક્તિઓ ધીમે-ધીમે નિષ્પ્રાણ અને બિનઅસરકારક બની જાય

છે. માણસના અંદરનો 'મુઝક્કી' (શુદ્ધિ કરનાર) અને 'મુરબ્બી' (સંરક્ષક અને પ્રોત્સાહક) જો મરી ગયો હોય તો બહારના 'મુઝક્કીઓ' અને 'મુરબ્બીઓ'ની વારંવારની શિખામણો અને સૂચનાઓ ફક્ત સાંભળવા પૂરતી જ બની રહે છે, જેને સાંભળીને 'તફક્કુર' (વિચારશીલતા) અને 'તદબ્બુર' (ઊંડું ચિંતન, દૂરદર્શિતા) પેદા થવાને બદલે ઊલ્ટું ઊંઘ આવવા લાગે છે, અને બહારથી લાગુ કરવામાં આવેલ ઉત્તમ આચરણ પણ નિર્જીવ જાણકારી અને અને આદતનું રૂપ ધારણ કરી લે છે.

મનની સુધારણા કે આત્મશુદ્ધિનું આરંભબિંદુ

આમ, ઈસ્લામને જે પ્રમાણે અને જેટલી હદે મેં સમજ્યો છે તે અનુસાર માણસના અંદર જવાબદારીનો એ અહેસાસ ઊભો થાય કે પોતાની ભલાઈ અને બૂરાઈનો અથવા પોતાની સુધારણા અને બગાડનો જવાબદાર હું પોતે છું, અને આ જ તેની સુધારણાનું આરંભ-બિંદુ છે. જે દિવસે આ અહેસાસ આળસ ખંખેરીને બેઠો થાય છે, તે દિવસે ચરિત્રમાં ક્રાંતિના મંડાણ થાય છે, અને જ્યાં સુધી આ અહેસાસ મૂંગો, અવાક અને સંવેદનશૂન્ય રહે છે, ઈમાન અને આચરણની રીતે માણસ પતનની ખાઈમાં પડ્યો-પડ્યો પાસા બદલતો રહે છે અને મોટાભાગે એવું થાય છે કે તમામ ઉંમર આ જ સ્થિતિમાં બરબાદ થઈ જાય છે. અંતિમ ક્ષણે માણસની વ્યાકુળ રૂહ ફરિયાદ કરે છે કે –

رَبِّ لَوْلَآ اَخَّرْتَنِيْٓ اِلٰٓى اَجَلٍ قَرِيْبٍ ۙ فَاَصَّدَّقَ وَاَكُنْ مِّنَ الصّٰلِحِيْنَ ۝

"હે મારા રબ ! કેમ તેં મને થોડી વધારે મહેતલ ન આપી કે હું દાન કરતો અને સદાચારીઓમાં સામેલ થઈ જતો." (સૂરઃ મુનાફિકૂન : ૧૦)

શૈતાની શક્તિઓ આ જવાબદારીને સૂવડાવી રાખવા ખૂબ મહેનત કરે છે. તે મનને ભિન્ન-ભિન્ન પ્રકારના માદક શરબતો પીવડાવે છે અને અફીણ ઘોળી-ઘોળીને ખૂબ જ સુંદર પ્યાલીઓમાં પ્રસ્તુત કરે છે. જ્યાં સુધી અફીણની આ માદકતા જીવંત રહે છે, માણસ પોતાની નબળાઈઓ, પોતાની ભૂલો અને પોતાની નિષ્કર્મણ્યતા અને નીચતાના દોષની જવાબદારી બીજાઓ પર નાખતો રહે છે. બધી ભૂલો અને ત્રુટિઓ તેને મિત્રો, સાથીદારો, ઘરના લોકો, જમાઅતી સાથીઓ (સંસ્થાના સહકાર્યકરો), સમાજનું વાતાવરણ અને રાજકીય વ્યવસ્થામાં જ દેખાય છે. તે હંમેશા એ દિશામાં જ વિચારે છે કે જો ફલાણો વ્યક્તિ આવું ન કરતો તો હું પતનગ્રસ્ત ન થતો, જો આમ ન થતું તો મારામાં આ અને બીજી ઘણી ભલાઈઓ વૃદ્ધિ પામતી, જો સંજોગો આ અને આવા ન રહ્યા હોત તો મને વર્તમાન વલણ અપનાવવું ન પડતું. આ જ પ્રકારની મનોસ્થિતિની સાથે દુનિયાનો પ્રત્યેક ગુનેગાર વિચારે છે અને તે હત્યા અને ચોરી અને

ખીસ્સું કાપવું અને વ્યભિચારના ગુનાઓ આચર્યા પછી તેમની જવાબદારી બહાર કોઈ બીજાના માથે થોપી દે છે.

જવાબદારીના અહેસાસનું મૂક કે સંવેદનશૂન્ય થઈ જવાની સ્થિતિમાં બીજી બાજુ માણસ પોતાની સુધારણા અને નિર્માણની માગણી સંપૂર્ણપણે બીજાઓથી કરે છે. દેખીતી રીતે તે એ વાત માટે તત્પર હોય છે કે મારે નેક બનવું જોઈએ અને મારું ચરિત્ર અને વ્યક્તિત્વ ખૂબ જ ઉચ્ચ સ્થાન પર પહોંચવું જોઈએ; પરંતુ તેની સાથે તે એ પણ ઇચ્છે છે કે બીજા લોકો નિર્માતા બનીને તેના વ્યક્તિત્વની ઇમારતને ઉપર ઉઠાવે, બીજા લોકો જ ઈંટો મૂકે, બીજા લોકો જ ગારો બનાવે, બીજા લોકો ઈંટોનું ચણતર કરે અને તે ઊભો-ઊભો જોતો રહે કે જીવનનો સુંદર અને મનમોહક મહેલ તૈયાર થઈ રહ્યો છે. બીજા લોકો તેનાથી નૈતિક તકાદાઓ મનાવે, બીજા લોકો તેના અંદર ચેતના જગાવે, બીજા જ લોકો તેની નિર્ધાર-શક્તિને તેના પગ ઉપર ઊભી કરી દે અને બીજા જ લોકો તેને સારા આચરણ માટે મજબૂર કરે. કોઈ દર્સનો કાર્યક્રમ તેના અંદર કુર્આનનો પ્રેમ ભરી દે, કોઈ પ્રશિક્ષણ શિબિર તેની નમાઝોમાં અલ્લાહના ડરની રૂહ ફૂંકી દે, કોઈ ઇજ્તિમાઅ (કાર્યક્રમ) તેની કુરબાનીની ભાવનાને કાર્યાન્વિત કરી દે, કોઈ તેને ઊંચે આકાશમાં ઊડાવી લઈ જાય.

પછી જ્યારે તેની માગણીઓ પૂરી નથી થતી, તો તે વિચારે છે કે ક્યાંક કોઈક ખરાબી જરૂર છે, દર્સ અને તલ્કીન (વ્યાખ્યાન અને નિર્દેશો)માં કોઈ ખરાબી છે, પ્રશિક્ષણ વ્યવસ્થામાં ક્યાંક ભૂલ અને સુસ્તી છે, ક્યાંક વ્યવસ્થાના માળખામાં કોઈ ત્રુટિ છે, કોઈ કાર્ય-પદ્ધતિમાં કાંઈક ગરબડ-ગોટાળો છે, મસ્જિદોની વ્યવસ્થા-તંત્રમાં કોઈ ખામી છે, આલિમોમાં કોઈ બગાડ છે, મૂળેથી દીનના દષ્ટિકોણમાં જ કોઈ કમજોરી છે અથવા ઇસ્લામ સમયથી પાછળ રહી ગયો છે.

તે બીજી બધી બાજુ ખરાબી શોધે છે અને પામી પણ લે છે, પરંતુ તેને પોતાના અંદર કોઈ ખરાબી જોવા મળતી નથી. તેને ખબર નથી કે તેના અંદરનો માણસ દુનિયા અને તેમાં રહેલી ચીજ-વસ્તુઓમાં ગાફેલ બનીને સૂઈ રહ્યો છે. તે પરેશાન થઈને અને આકુળ-વ્યાકુળ બનીને પોતાની નિષ્ફળતાઓ અને ઊણપોનો આરોપ બીજાઓના માથે નાખે છે, તે ખૂબ જ ચતરાઈથી ટીકા કરે છે અને તેની ટીકા ખૂબ જ રસદાયક ઊંચી હોય છે કે જે ખામી સ્વયં તેના અંદર સૌથી વધારે જોવા મળે છે, તેનો નિર્દેશ તે ખૂબ જોરશોરથી બીજા લોકોમાં કરે છે. જો તે નૈતિક ઉત્થાનમાં બેદરકાર અને સુસ્ત હશે, તો તે ઉત્થાનમાં સુસ્તી અંગે બીજાઓની પકડ કરશે. જો તે સ્વયં કટ્ટરપંથી અને હઠાગ્રહી હશે તો તે બીજા લોકો પર કટ્ટરતા અને હઠાગ્રહનો આરોપ મૂકશે. જો તે પોતે લેવડ-દેવડના મામલાઓમાં અનિયમિતતા આચરતો હશે તો તે બીજા લોકોની પ્રત્યેક ભૂલચૂક માટે

અપ્રમાણિકતાનું લેબલ લગાવશે. તેનું પોતાનું જીવન-ધોરણ જો ઉડાઉ હશે તો તે બીજાઓના મધ્યમમાર્ગ અને સંતુલિત વલણને પણ અતિશયોક્તિભરી રીતે ઉડાઉ અને સ્વૈરના શીર્ષક હેઠળ મૂકશે. તે જો પોતે કેટલાક દીની તકાદાઓને પૂરા કરવામાં ઢીલો પડી ગયો હશે, તો બરાબર એ જ તકાદાઓ વિશે બીજા ઘણાં લોકોને નકામા સાબિત કરશે. તે જો સ્વયં 'મસ્લહત' (હિતકારકતા, સવગડ કે ડહાપણયોગ્યતા)ના નામે મોટા-મોટા સિદ્ધાંતોમાં લચક પેદા કરી લે છે, તો બીજાઓને સિદ્ધાંતવિહોણાં સાબિત કરવામાં એડીચોટીનું જોર લગાવી દેશે. તે જો પોતે હાથપગ તોડીને બેસી જશે તો આખી દુનિયાના અદ્ધરતાલ લટકી જવાનું માતમ કરશે. જો તે પોતે અલ્લાહ સાથે ઊંડા લગાવનું જ્ઞાન ખોઈ નાખશે તો બીજાઓના અંદર રહેલી નિખાલસતાની બરબાદીનો વિલાપ કરશે, અને તે સ્વયં જે સ્થાન ઉપર આવીને ઉચ્ચ લક્ષ્ય માટે નાનીસરખી વ્યક્તિગત કુરબાની આપીને બીજાઓને વિશાળહૃદયથી સહયોગ કરવાની યોગ્યતા ખોઈ બેસશે, તો બીજા લોકોની સંકુચિતતા અને બેદરકારીના દુ:ખની દાસ્તાન સંભળાવશે.

માણસનું છેલ્લું હથિયાર એ છે કે પોતાની નાલાયકીઓની જવાબદારીથી છૂટકારો મેળવવા જબરજસ્તીથી ફિલસૂફી અને દલીલોની આડ લે છે. દરેક યુગમાં એવા ઘણાં લોકો મળશે, જેમણે પોતાની અધમતાઓનું માતમ મનાવવાને બદલે ભાગ્યનાં રોદણાં રોયા છે; ખાસ કરીને જ્યારે પણ કોઈ સત્યનિષ્ઠ બંદાએ સુધારણાનું આહવાન કર્યું તો જડ અને નિષ્ક્રિય લોકોએ પોતાના બગાડની જવાબદારી અલ્લાહની મરજી પર નાખવાની કોશિશ કરી અને પોતાની નિષ્ક્રિયતા અને દુષ્કર્મોમાં મગ્ન રહેવા માટે એ વિચાર પ્રસ્તુત કર્યો કે જો અલ્લાહે ચાહ્યું હોત કે અમે ઈમાન લાવીએ અને સારા કાર્યો કરીએ, તો તે બળજબરીથી અને પોતાના સામર્થ્યથી અમને સીધા રસ્તા ઉપર ચલાવી શકતો હતો. પણ જ્યારે તેણે એવું નથી કર્યું તો અમે લાચાર બંદાઓ શું કરી શકીએ છીએ ! હાફિઝ શીરાઝીએ આ માનસિકતાનું પ્રતિબિંબ એક શે'રથી આ પ્રમાણે રજૂ કરેલ છે :

درکوئے نیک نامی مارا گزر ندادند گرتو نمی پسندی تغییر کن قضارا

(નેકનામીકે કૂચેમેં ઇન્હોંને હમેં ગુજરનેકા મૌકા ન દિયા, અગર તૂ પસંદ નહીં કરતા હૈ, તકદીરકો બદલ દે. – 'દિવાને હાફિઝ, પૃ.૩૩)

માણસ પોતાનો કેસ ખૂબ ખૂબીપૂર્વક અને ચતુરાઈથી તૈયાર કરે છે. તે હજાર ગુનાઓ માટે જવાબદાર હોવા છતાં એક મજલૂમ અને પીડિત ફરિયાદી બનીને માનવતાની અદાલતમાં આવે છે અને કોણ જાણે કોને-કોને આરોપી અને પ્રતિવાદી બનાવીને ગુનેગારોના કઠેડામાં ઊભા કરી દે છે. તે પોતે તો મજબૂર અને વિવશ હોય છે અને

બીજા લોકો દરેક સ્થિતિમાં તેના કસૂરો, તેની પાશવતા અને અનુચિત હરકતો માટે જવાબદાર હોય છે. તેના પોતાના માટે તો અનેક માફીઓ, ઘણીબધી કૃપાઓ અને મોટી-મોટી છૂટછાટો હોય છે, મુક્તિઓ હોય છે; પરંતુ બીજા લોકો માટે તેની ભાવનાઓ ઉપર હુમલો પણ સંગીન હોય છે. તેની જબાન પણ ખૂબ કઠોર અને રૂક્ષ હોય છે, તેની દલીલો પણ ખૂબ જોરદાર હોય છે અને તેની કસોટીઓ અને માપદંડો પણ ઘણાં કડક હોય છે. માણસ લોકોને ફરેબ અને છળ આપવામાં જ નહીં, બલ્કે સ્વયં પોતાને ફરેબ અને છળ આપવામાં પણ ખરેખર માસ્ટર પુરવાર થયો છે. પરંતુ લોકોને અને પોતાની જાતને અપાતાં આ તમામ છળ અને ફરેબ આ જ દુનિયા સુધી સીમિત છે. છેવટે તેને એ સ્થાને પહોંચવાનું છે, જ્યાં કોઈ ફરેબ અને છળ નહીં ચાલે અને બધાં પ્રકારના છળ અને ફરેબનું રહસ્ય ખૂલી જશે, અને તેને પોતાના મનના અને પોતાની જાતના જવાબદાર બનીને જવાબ આપવો પડશે.

આ તમામ પરિસ્થિતિ અને બનાવો અને આ નિરંતર મનોવૈજ્ઞાનિક અનુભવો જેમાંથી માણસ પસાર થતો રહે છે, કેવળ એ બાબતની નિશાની છે કે તેના અંદર તેનો જે સુધારક મૂકવામાં આવ્યો છે, તે ઊંઘી રહ્યો છે, તેની ઉત્તરદાયિત્વની ભાવના અવાક અને મૂક બની ગઈ છે.

આ આંતરિક સુધારક શક્તિને જગાવવા માટે અંબિયાએ કિરામની દા'વત (આહવાન્) ગૂંજે છે કે - لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ[1] તે કહે છે કે દરેક માણસે જે કંઈ ભલાઈ પોતાના માટે એકત્ર કરી છે, એ જ તેના પલ્લામાં આવવાનું છે, અને જે કંઈ બૂરાઈ તેણે કમાવી છે, તેની જંજાળ તેણે જ ભોગવવાની છે. બીજાઓએ કરેલ ભલાઈ તેણે કરેલ બૂરાઈને દૂર નથી કરી શકતી અને બીજાઓએ કરેલ બૂરાઈઓ તેણે કરેલ ભલાઈને મિટાવી શકતી નથી. અહીંનો કાનૂન એ છે કે - لَنَا أَعْمَالُنَا وَلَكُمْ أَعْمَالُكُمْ[2] અમારા કર્મો અમારા માટે અને તમારા કર્મો તમારા માટે. દરેકનું પોત-પોતાનું એકાઉન્ટ (ખાતું) અલગ ખૂલી રહ્યું છે. આખિરતની બેંકમાં જે કંઈ જેનું જમા છે, તેને કોઈ બીજો માણસ ખોટા ચેકથી ઉપાડી નથી શકતો અને જેનું એકાઉન્ટ ખાલી છે, તે કોઈ બીજા માણસના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર નથી કરી શકતો. માણસની જાતની તિજોરીમાં એ જ માલ દાખલ થાય છે જે તેણે પોતાની મહેનતથી કમાવ્યો હોય, બીજાઓની કમાણી તેની મૂડીમાં કોઈ વધારો કરી શકતી નથી અને ન તો બીજાઓની ખાતાવહીઓ પર ટીકા કરીને તે કોઈ હિસ્સો મેળવી શકે છે. આ જ સત્ય છે, જેને કુર્આને આ પ્રમાણે વર્ણવ્યું છે - لَيْسَ لِلْإِنْسَانِ إِلَّا مَا سَعَىٰ (જે કંઈ વાવશો એ જ લણશો.)[3]

૧. સૂરઃ બકરહ : ૬   ૨. સૂરઃ બકરહ : ૧૩૯   ૩. સૂરઃ નજ્મ : ૩૯

જવાબદારીની સભાનતા જે દિવસે સહસા જાગી ઉઠે છે, તો માણસ તે દિવસથી જીવનની ખેતીને ફળદ્રુપ બનાવવા માટે એક ખેડૂતની જેમ પાવડો ખભા ઉપર મૂકીને નીકળી પડે છે. તે પોતાના વ્યક્તિત્વના સપાટ મેદાનમાં હળ ચલાવે છે, તે ખોટી આદતોના નાના-મોટા કઠણ ટેકરાઓને તોડે છે, તે અસત્ય વિચારધારાઓની ઝાડીઓને ઉખેડે છે, તે દિવ્ય શિક્ષાઓનું પાણી સિંચે છે, તે સુંદર નિયત અને ઇરાદાનું બીજ વાવે છે, ત્યાં સુધી કે ચરિત્રનો એક પાક લહેરાવા લાગે છે અને ધીમે-ધીમે તેના પર સૌભાગ્ય અને કૃપાઓના ફળ-ફૂલ આવે છે. પછી જ્યારે પાક તૈયાર થઈને આખિરતના ખળામાં પહોંચે છે અને તેની લણણી થઈ જાય છે અને અનાજ પાકી જાય છે, તો શાશ્વત જીવન માટે તેનો ભંડાર કરી લે છે.

અંબિયાએ કિરામ અલૈ.ની કોશિશોનો અસલ ઉદ્દેશ્ય આ જ જવાબદારીના અહેસાસને જગાવવાનો, તેને ઢંઢોળવાનો અને આંચકો આપવાનો તથા કાર્યાન્વિત કરવાનો છે. આ જાગી જાય તો પછી ભાગ્ય જાગી ઉઠે છે. આ અહેસાસ ઊંઘતો રહ્યો તો વાસ્તવમાં માનવીનું ભાગ્ય ઊંઘતું રહે છે. આ ચેતનાને જગાવવા માટે સૃષ્ટિમાં અનેકાનેક દલીલો અને નિશાનીઓ કામ કરી રહી છે. તેને જગાવવા માટે કુદરતી બનાવો અને મનોવૈજ્ઞાનિક ઘટનાઓ ખૂબ સેવા પૂરી પાડે છે. આ અનંતના મુસાફરને કર્તવ્યના માર્ગે આગળ વધારવા માટે દિવ્ય સંકેતોનો ઘંટારવ થાય છે :

મુઝે યે ડર હૈ, દિલે ઝિન્દા તૂ ના મર જાયે,

કે ઝિન્દગાની ઈબારત હૈ તેરે જીને સે.

આમ, જે વ્યક્તિના અંદર આ ચેતના અને સભાનતા કામ કરવા લાગે કે મારી ભલાઈ અને બૂરાઈનો હું પોતે જવાબદાર છું અને સ્વયં મારે જ મારા દિલને જીવંત રાખવાનું છે, સ્વયં મારે જ મારા મગજને સારા વિચારોનું પારણું બનાવવાનું છે, મારે પોતે જ મારા આત્માને રસાળ બનાવવાનો છે, મારે પોતે જ મારા ચરિત્રને શણગારવાનું છે અને મારા જીવનને શૈતાની હુમલાઓથી બચાવવાનું છે - તેને જ અલ્લાહની પ્રેરણા, મદદ અને સહાયતા પ્રાપ્ત થતી હોય છે.

જે લોકો અલ્લાહના દ્વાર તરફ વધવાનો દૃઢ નિર્ધાર કરીને ચાલી નીકળે છે, તેમને અલ્લાહ તરફથી નેતૃત્વ પણ પ્રદાન થાય છે. આ જવાબદારીની ભાવના જ્યારે જાગી ઉઠશે, તો વ્યક્તિત્વમાં એકાએક ઉન્નતિ અને ઉત્થાન શરૂ થઈ જશે, અને જ્યારે તેના ઉપર નિદ્રા છવાઈ જશે તો વિકાસ રૂંધાઈ જશે. તેથી આપણે હંમેશા એ જોવું પડશે કે છાતીમાં દિલ જીવંત છે કે નહીં અને જીવંત દિલ ક્યારે જાગૃત અને સચેત છે અને

ક્યારે તે નિદ્રાધીન થઈ જાય છે. દિલ જ્યારે જીવંત અને જાગૃત હોય છે તો માણસ એમ વિચારે છે કે મારું કર્તવ્ય શું છે અને મેં ક્યાં ભૂલ કરી? પરંતુ જ્યારે તે મૃતઃપાય થઈ જાય છે કે ઊંઘી જાય છે તો માણસ પોતાનું બધું ધ્યાન એ વાત પર કેન્દ્રિત કરે છે કે બીજા લોકોની જવાબદારીઓ શું છે અને તેમનાથી કઈ ભૂલો થાય છે.

પોતાના સ્થાન અને પદની સાચી સભાનતા

મારા અભ્યાસનો નિષ્કર્ષ છે કે માનવીય ચરિત્રનો પાયો પોતાના સ્થાન અને પદની સાચી સભાનતા પર છે. માણસ જો એમ માની લે કે તેનું સ્થાન અને દરજ્જો ખોટો છે, તો તેનું જીવન વિચારની નાની કુંપળથી લઈને આચરણના સૌથી મુખ્ય ફળ-ફૂલ તથા અંગત પ્રવૃત્તિઓથી લઈને આંતરરાષ્ટ્રીય વ્યસ્તતાઓ સુધી આખુંય બગડી જાય છે. તે પોતાની સુધારણા ત્યારે જ કરી શકે છે કે જ્યારે તે પોતાની જાતને સાચા સ્થાન અને પદ ઉપર રાખે છે. સૃષ્ટિની જીવંત મહેફિલમાં જ્યાં સુધી તે પોતાની નિર્ધારિત બેઠક શોધી નથી લેતો, તે ભટકતો અને પરેશાન રહે છે, આ બેઠક તેને મળી જાય છે તો સ્થાયિત્વ અને સંતુલન પ્રાપ્ત કરી લે છે.

ઇસ્લામનું નોંધપાત્ર કાર્ય એ છે કે તેણે માણસને સભાનાવસ્થામાં તેના સાચા સ્થાન અને પદથી માહિતગાર કર્યો છે. ઇસ્લામે અર્પેલ સત્ય-જ્ઞાનથી માનવી ખુદા, તેણે બનાવેલ પ્રાણીઓ અને વસ્તુઓ અને પ્રકૃતિના ત્રિકોણમાં સાચી જગ્યા સભાનતાની સાથે પામી લે છે કે –

– અલ્લાહની સામે તેનું સ્થાન બંદાનું છે,

– તેના જેવા માણસોની સાથે તેનો સંબંધ બંધુત્વ અને સમાનતાનો છે,

– અને ભૌતિક સૃષ્ટિ પર તે અલ્લાહનો ખલીફા (નાયબ) હોવાની હેસિયતે શાસક અને સત્તાધીશ છે.

ખુદાની સામે પોતાના બંદા અને દાસ હોવાના સ્થાનને ઓળખી લીધા પછી અભિમાન, જ્ઞાન અને શક્તિનું ઘમંડ તથા અત્યાચાર, અતિરેક અને અન્યાયના વલણોના એ દરવાજાઓ બંધ થઈ જાય છે, જે માનવતાને તબાહી અને વિનાશ તરફ લઈ જાય છે. બંદા હોવાની સમાનતા તમામ માનવીઓમાં જે બંધુત્વનો સંબંધ ઊભો કરે છે, તે વંશીય, ભૌગોલિક અને વર્ગીય ઊંચનીચ તથા પરસ્પર સંઘર્ષને નાબૂદ કરી નાખે છે. ભૌતિક સૃષ્ટિ, તેના તત્ત્વો અને શક્તિઓ, પ્રકૃતિએ ઊભી કરેલ સમસ્યાઓ તેમજ જીવનની જરૂરિયાતોની સરખામણીએ માણસ જ્યારે અલ્લાહના ખલીફાનું સ્થાન ગ્રહણ

કરે છે, તો અસભ્ય અને અશિષ્ટ વૈરાગ્ય અને સંન્યાસનો છેદ ઊડી જાય છે, અને માણસનું સ્વાભિમાન અને ગૌરવ પણ અધ:પતનથી સુરક્ષિત થઈ જાય છે, જેના કારણે જવાબદારીનો અહેસાસ ઊભો થાય છે.

આ પદ અને સ્થાનથી માનવી જ્યારે કદી આગળ વધીને અભિમાનના માર્ગે ખુદાઈની હદમાં કદમ મૂકી દે છે, તો પણ તેનું વ્યક્તિત્વ પાયમાલ થઈ જાય છે અને તેનાથી પણ જો તે વધારે નીચે જઈને પોતાના જેવા માનવીઓ અને ભૌતિક ચીજ-વસ્તુઓ તેમજ ધનદોલત અને કબરોની તાકાતને પૂજ્ય અને ઉપાસક બનાવી લે છે તો પણ તેનું વ્યક્તિત્વ પતનની ઊંડી ખાઈને હવાલે થઈ જાય છે.

માનવીને તેના સ્થાન અને હેસિયતનું જ્ઞાન તો બહારથી આપી શકાય છે, પણ તેને સાચા સ્થાન અને પદ ઉપર ઊભો કરવો અને પછી આયુષ્યભર તેના પર કાયમ રાખવો કોઈ બાહ્ય માધ્યમથી સંભવ બની શકતું નથી. આ સ્થાન અને પદ ઉપર ઊભા રહીને ચરિત્રના ત્રાજવાને ઉપરથી પકડી રાખવું અને દરેક વખતે એ વાતનું ધ્યાન રાખવું કે ન તેનું પલ્લું ઘમંડ અને અભિમાનની તરફ ઝૂકે, ન અધમતા અને નીચતાની તરફ, એ ખૂબ મોટી અજમાયશ છે. દીનની તમામ શિક્ષા, આચરણના બધા નીતિ-નિયમો તથા શરીઅતના કાનૂનના તમામ આદેશો અને મનાઈ આ જ ત્રાજવાના ભરોસાપાત્ર સંતુલનને બરકરાર રાખવા માટે છે. પરંતુ તેને પકડી રાખનાર હાથ અને તેનું નિરીક્ષણ કરવાવાળી આંખ ક્યાંય બહાર નથી, બલ્કે દરેક માણસનો પોતાનો જ હાથ અને પોતાની જ આંખ તેની બાંહેધરી આપનાર છે. તેથી આપણા જીવનની સુધારણાની જવાબદારી આપણા ઉપર જ લાગુ થાય છે.

લક્ષ્ય (Goal)

એ વાત સ્પષ્ટ છે કે આપણું જીવન બરકરાર રાખવા માટે આપણા ઉપર કેટલીક ઇચ્છાઓ અને જરૂરિયાતોનો ભાર છે. આ ઇચ્છાઓ અને જરૂરિયાતોને આપણે મને-કમને પૂરી કરવી પડે તેમ છે. પરંતુ માણસ જો પોતાની ઇચ્છાઓ અને જરૂરિયાતોને પૂરી કરવામાં લાગી જાય, તો તેના અંદર નૈતિક જીવન સદંતર બદલાતું જ નથી અને કોઈ રૂહાની (આત્મિક) વૃદ્ધિ થતી જ નથી. નૈતિક જીવનથી અભિપ્રેત એવી જવાબદારીઓ છે, જેને પૂરી કરવા માટે પોતાની ઇચ્છાઓનો કંઈને કંઈ ત્યાગ કરવો પડે છે. બીજા શબ્દોમાં નૈતિક જીવન નફ્સ (મનેચ્છા) ની કુરબાનીથી શરૂ થાય છે. માણસ ઇચ્છાઓમાં સમગ્રપણે એકાગ્ર અને મગ્ન તો પાશવી અને ભૌતિક જીવનથી થઈ શકે છે, પરંતુ ઉચ્ચ કક્ષાનું માનવીય જીવન ઇચ્છાઓને કોઈક ઉચ્ચ હેતુ પર ન્યોછાવર

કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. તેનો અર્થ એ થયો કે ચરિત્ર-ઘડતર અને જીવનની સુધારણા તથા રૂહાની અને નૈતિક ઉન્નતિ પ્રાપ્ત કરવા માટે માણસની સામે કોઈક નિખાલસ અને શુદ્ધ હેતુ તથા અંગત સ્વાર્થ અને હિતથી ઉચ્ચતર કોઈક લક્ષ્ય આંખો સામે હોવું જોઈએ. તેના વગર નેકી, રૂહાનિયત (આધ્યાત્મિકતા), નૈતિક ઉત્થાન, વ્યક્તિત્વની સુધારણા અને તેનો વિકાસ તેમજ નફ્સ (મન)ની સુધારણાની કોઈ શક્યતા નથી. ઉદ્દેશ્ય અને લક્ષ્ય, જેટલો ઉચ્ચતર અને વિશાળ હશે, તેના અનુસાર માનવીય ચરિત્ર અને વ્યક્તિત્વમાં પણ ઉચ્ચતા અને પડતી તથા વિશાળતા અને સીમિતતા જોવા મળશે. એ વ્યક્તિ જે પશુની જેમ ફક્ત પોતાના ચારા-પાણી અથવા તબેલા કે જોડાની ચાહમાં સક્રિય રહે છે, તેનામાં ચરિત્ર અને વ્યક્તિત્વ નામની કોઈ વસ્તુ જોવા મળતી નથી. તેનાથી પણ વધીને એ લોકો છે, જેઓ પરિવાર, બિરાદરી, વંશ, રાષ્ટ્ર, વતન, વર્ગ કે કોઈ ખાસ સંગઠન કે સમૂહના હિતને સામે રાખીને નફ્સ (મનેચ્છા)નો ત્યાગ કરે છે, તે લોકોમાં એક સીમિત અને સંકુચિત પ્રકારનું વ્યક્તિત્વ ઉભરે છે. પરંતુ ઇસ્લામે આપણા સામે સમસ્ત માનવતાના સહિયારા અને અત્યંત વિશાળ હિતને ઉદ્દેશ્યના રૂપમાં મૂક્યું છે, અને આપણી દૃષ્ટિ અલ્લાહની પ્રસન્નતા અને મરજી પર કેન્દ્રિત કરી છે. ઇસ્લામના આ આદર્શ લક્ષ્યને સાચી રીતે પ્રમાણિકતાથી અપનાવી લેવાથી મહાન વ્યક્તિત્વનું ઘડતર થાય છે. આ લક્ષ્યથી વધીને અન્ય કોઈ લક્ષ્ય નફ્સનું બલિદાન નથી માગતું. આ લક્ષ્ય મૂલ્યમાં સૌથી વધારે મૂલ્યવાન છે.

દરેક લક્ષ્ય કેટલાક સિદ્ધાંતો અને તકાદાઓને અનિવાર્ય બનાવીને માણસની સામે મૂકે છે. પ્રત્યેક કર્તવ્ય ઇચ્છાઓની સામે આવીને કુરબાની માગે છે, કર્તવ્યો અને ઇચ્છાઓ દરમ્યાન સંઘર્ષ થાય છે અને આ સંઘર્ષ જીવનને એક પરીક્ષા બનાવી દે છે.

"અરસ-એ-આલમ મેં તેરા ઈમ્તહાં હૈ ઝિંદગી"

આ સંઘર્ષ અને પરીક્ષાની હાલતમાં પડીને માણસને હંમેશા નિર્ણયો કરવા પડતા હોય છે અને આ નિર્ણયોને નભાવવા પણ પડે છે. પરીક્ષામાં પડવું અને સાચા નિર્ણયો કરવાં, અને પછી તેમને નભાવવા, વ્યક્તિત્વને વિકાસ તરફ લઈ જાય છે અને જીવન અર્પે છે; જેમ કે સોનું વારંવાર ભઠ્ઠીમાં પડીને કુંદન બને છે.

એવું કોઈ નથી જે આ પરીક્ષાનો અહેસાસ બહારથી માણસના અંદર નાખી શકે, કોઈ નથી જે સંઘર્ષની જવાબદારી બહારથી કબૂલ કરાવી શકે, કોઈ નથી જે કર્તવ્યો અને ઇચ્છાઓના કોઈ સંઘર્ષમાં માણસના અંતરાત્મામાં થતાં નિર્ણયોને સમજી શકે અને તેને બળજબરીથી સાચા રસ્તા ઉપર લઈ જઈ શકે; અને કોઈ નથી જે કોઈ નૈતિક ફેંસલાને વફાદારીથી નભાવવા બહારથી દબાણ કરીને માણસને મજબૂર કરી શકે.

જીવનભરની આ ભલાઈ અને બૂરાઈની લડાઈમાં માત્ર એ જ વ્યક્તિ બાજી મારી જઈ શકે છે, જે એક સૈનિક જેવી ભાવના પોતાના અંદર રાખતો હોય, એક સંત્રીની જેમ પોતાના સિદ્ધાંતો અને કર્તવ્યોનો રક્ષક બને, અને એક પહેલવાનની જેમ નિમ્ન કોટિના વલણો અને વૃત્તિઓથી કુશ્તી લડતો રહે. જે વ્યક્તિના અંદર રહેલો સૈનિક હથિયાર ફેંકી ચૂક્યો હોય, જે વ્યક્તિના અંદર રહેલો સંત્રી સૂઈ ગયો હોય અને જે વ્યક્તિના અંદરનો પહેલવાન નિશ્ચેત અને નિષ્પ્રાણ થઈ ગયો હોય, તે જીવનનો ખેલ હારી ગયો; કોઈ બીજો તેના ભાગની લડાઈ નથી લડી શકતો, અને કોઈ અન્ય તેની જગ્યાએ પહેરો નથી ભરી શકતો.

કોઈ લક્ષ્યનો અંતિમ નિર્ણય લઈ લેવો, તેના ઉપર હંમેશા પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરી રાખવી, તેણે લાગુ કરેલ કર્તવ્યોને પોતાના માટે આવશ્યક સમજવા, તેના તકાદાઓ અનુસાર પોતાની ઇચ્છાઓની કુરબાની આપવી, તેણે ઊભા કરેલ સંઘર્ષમાં મુજાહિદ (વીર)ની જેમ આગળ વધવું અને દરેક પગલે અડગ અને અટળ રહેવું એ આપણું પોતાનું જ કામ છે, બીજાનું નહીં.

જે વ્યક્તિ ઇસ્લામને જીવનનો માર્ગદર્શક માને છે, તે જાણે પોતાના માટે ઉચ્ચતર લક્ષ્ય નક્કી કરી લે છે, અને તે લક્ષ્ય છે અલ્લાહની પ્રસન્નતાની પ્રાપ્તિ તથા આ આશયથી સમસ્ત માનવતાના કલ્યાણની ખેવના કરવી, અને સફળતા અને કલ્યાણ માટે સત્યની વ્યવસ્થાને પૂર્ણરૂપે સ્થાપિત કરવી અને તેનો વિકાસ કરવો. આમ, તે પોતાના માટે અસંખ્ય કર્તવ્યો નક્કી કરી લે છે. તે પોતાના માટે નીતિ-નિયમોના બંધનોનું નિર્ધારણ કરી લે છે, તે મનેચ્છાઓની કુરબાનીની તકોથી વાકેફ થઈ જાય છે, તે પોતાને એક પરીક્ષા-ક્ષેત્રમાં લાવીને મૂકી દે છે, જ્યાં ભીષણ સંઘર્ષ થવાનો છે. હવે, ત્યારપછી તે કેમ એવી ઇચ્છા કરે છે કે દરરોજ તેને કોઈ બતાવે કે તું મુસ્લિમ છે, વારંવાર તેને નવેસરથી સમજાવે કે તારું લક્ષ્ય હવે અલ્લાહની પ્રસન્નતા છે, નિત્ય કોઈ તેના કર્તવ્યોની યાદી તેના સામે વાંચતો રહે કે તેને તારે પૂરા કરવાનાં છે અને તેના માટે કુરબાનીઓ આપવાની છે. تَوَاصَوْا بِالْحَقِّ (એકબીજાને સત્યની શિખામણ) અને تَوَاصَوْا بِالصَّبْرِ (એકબીજાને ધૈર્યની તાકીદ) ચોક્કસપણે એક ઇસ્લામી સમાજ કે જમાઅતની વ્યવસ્થાની એક અનિવાર્ય શાન છે અને એક લક્ષ્ય પર મરી-ફિટનારાઓના પરસ્પરના ઘનિષ્ઠ સંબંધનો તકાદો પણ છે કે તેઓ વારંવાર સત્યની તાકીદ કરે, બોધ અને શિખામણ આપવા-લેવાનું વાતાવરણ સજાવેલું રાખે; પરંતુ દરેક વ્યક્તિ પોતાની મજબૂતી, સ્થિરતા અને સન્માર્ગ તેમજ સુધારણાનો આધાર બીજાઓ પર રાખે અને પોતાની જવાબદારી પોતે અદા ન કરે, તો ક્યારેય تَوَاصَوْا بِالْحَقِّ અને تَوَاصَوْا بِالصَّبْرِ નું વાતાવરણ બની જ નહીં શકે.

નીતિ-નિયમો અને માપદંડનું જ્ઞાન

નેક બનવા માટે નેકીનો અસ્પષ્ટ દૃષ્ટિકોણ પર્યાપ્ત નથી. ચરિત્ર અને વ્યક્તિત્વને સુશોભિત કરવા માટે એક સ્પષ્ટ આચારસંહિતા અને માપદંડ હોવા જરૂરી છે. દરેક યુગમાં અને દરેક પ્રદેશમાં અને દરેક પ્રકારના સંજોગોમાં લોકો અને કોમોમાં ઉત્તમ જીવન પ્રાપ્ત કરવા, બૂરાઈઓ અને ખરાબીઓથી બચવા તથા નિર્માણ અને વિકાસના રસ્તે આગળ વધવાની ઈચ્છા પ્રાકૃતિક રૂપે જોવા મળે છે. પરંતુ ઉત્તમ જીવન માટેનો માર્ગ સામાન્યતઃ અસ્પષ્ટ બની રહ્યો છે. જ્યારે પણ રસ્તો અસ્પષ્ટ રહ્યો છે, માનવ સમૂહ ધૂંધળા અનુમાનોની પાછળ ભટકતો રહ્યો છે. માનવતા સમૃદ્ધિ, ઉત્કર્ષ અને સફળતા એવા જ કોઈ યુગમાં પ્રાપ્ત કરી શકી છે, જ્યારે કે સમૃદ્ધિ અને સફળતા માટેની સ્પષ્ટ આચારસંહિતા તેને હાથ લાગી છે.

અંબિયાએ કિરામ (અલૈ.)નો મોટો ઉપકાર એ જ છે કે તેમણે નેકી તથા સમૃદ્ધિ અને સફળતાના નીતિ-નિયમોને સ્પષ્ટરૂપે માનવતાની સામે મૂક્યા. પોતાના અંતિમ અને સંપૂર્ણ રૂપમાં આ નીતિ-નિયમોને અને આચારસંહિતા કુર્આને રજૂ કરેલ છે.

આચારસંહિતાની સાથે માનવી હંમેશા એ વાતનો પણ મોહતાજ રહ્યો છે કે આ નીતિ-નિયમો અનુસાર માનવ જીવનનો વ્યવહારૂ આદર્શ તેના સામે રહે. તે માર્ગદર્શન મેળવવા માટે કોઈ તાત્ત્વિક અને અમૂર્ત ફિલસૂફીથી વધારે કોઈ વ્યવહારૂ પ્રદર્શનથી લાભ ઉઠાવતો રહ્યો છે. તે કેવળ તાર્કિક દા'વત (આમંત્રણ) અને દલીલથી ક્રાંતિકારી ઉદ્દેશ્ય મેળવી શકતો નથી, બલ્કે તેને એવી હિકમત (તત્ત્વદર્શિતા, વિવેક-શીલતા) દરકાર છે, જેના સાથે અમલી ખુલાસો અને સ્પષ્ટતા મોજૂદ હોય; તે એવો તર્ક હોય જે ઘટનાઓના રૂપમાં પ્રગટ થાય. તે એવી દલીલોનો જરૂરતમંદ છે, જેના અંદર માનવીય ભાવનાઓનો રસ હોય. બીજા શબ્દોમાં તે કેવળ એક પુસ્તકીયા નીતિ-નિયમો અને આચારસંહિતાથી પૂર્ણ માર્ગદર્શન નથી મેળવી શકતો, બલ્કે તેને કોઈ એવી માનવ હસ્તીની જરૂરત છે, જે પુસ્તકમાં દર્શાવેલ આચારસંહિતાને માનવ જીવનમાં કાર્યરત કરીને બતાવે; તેને આદર્શ માપદંડની જરૂરત છે. આ આદર્શ માપદંડ રસૂલુલ્લાહ ﷺ ની દેદીપ્યમાન અને મહાન હસ્તી છે.

અનુભવો સાક્ષી આપે છે કે આપણામાંથી દરેક વ્યક્તિ પોતાના મિત્રો, સંબંધિતો અને સહયોગીઓ, સમાજના પ્રસિદ્ધ નામાંકિત લોકો અને ઐતિહાસિક હસ્તીઓમાં કંઈને કંઈ પોતાના માટે આદર્શ માપદંડ માને છે, અને પછી પોતાના નૈતિક સિદ્ધાંતો બનાવવામાં, દૈનિક જીવનની પ્રવૃત્તિઓમાં, વાતચીત અને ચર્ચાઓ કરવાની ઢબમાં,

ત્યાં સુધી કે કપડાંની પસંદગી અને રૂપરંગ બનાવવામાં અજાણતામાં પોતાના આદર્શ માપદંડને ચુસ્તપણે અનુસરે છે. અમુક ખાસ અદાઓ, કેટલીક વિશેષ હરકતો, અમુક ખાસ શબ્દો અને તેમના માટે વિશિષ્ટ રીતે બોલવાનો ઢંગ, અને એ જ પ્રમાણે સુખ અને દુઃખ, ગુસ્સા અને કરુણા, નફરત અને પ્રેમના અમુક રંગઢંગ આપણે ખાસ-ખાસ હસ્તીઓથી અપનાવીએ છીએ. હવે જે-જે પ્રકારનો આદર્શ માપદંડ કોઈએ સામે રાખ્યો હોય છે, એ જ પ્રકારનું વ્યક્તિત્વ તેના અંદર વૃદ્ધિ પામે છે. કોઈની સામે એક ફિલ્મી કલાકારનું વ્યક્તિત્વ હોય છે, કોઈની સામે એક શાયર કે સાહિત્યકાર હોય છે, કોઈની સામે કોઈ નવલકથાનો હીરો હોય છે, કોઈની સામે ક્રિકેટ કે હૉકીનો કોઈ ખેલાડી હોય છે, કોઈની સામે સરકારી ઑફિસનો કોઈ પદાધિકારી, રાજકીય પાર્ટીનો કોઈ નેતા કે દેશનો કોઈ મંત્રી હોય છે. ક્યારેક આપણા વિભિન્ન માપદંડો જુદી-જુદી દિશાઓમાં વિખેરાયેલા હોય છે અને આપણે જુદા-જુદા પાસાઓથી ઘણીબધી હસ્તીઓની નકલ એકી સાથે કરી રહ્યા હોઈએ છીએ.

ઈસ્લામે એ અપેક્ષા કરી છે કે આપણે આપણા સમગ્ર નૈતિક જીવન માટે સરવરે આલમ ﷺ ની એક જ નિષ્કલંક અને અજોડ હસ્તીને આદર્શ માપદંડ બનાવીએ અને બધું જ ત્યાંથી મેળવીએ. માનવીના વ્યક્તિત્વ માટે આ જ સર્વોચ્ચ સ્થાન છે, જેના પર નજર જમાવીને સૌથી ઊંચે ઉડાન ભરી શકાય છે. ચરિત્ર અને વ્યક્તિત્વના આ માપદંડથી બનવાવાળી હસ્તીની સુન્નતનો પ્રમાણિત રેકર્ડ તેનું સંપૂર્ણ ચિત્ર આપણા સામે લાવીને મૂકી દે છે અને આપણા ઈતિહાસનો મહેલ તેમના અનંત પ્રકાશથી ઝળહળી રહ્યો છે.

ઈસ્લામે પ્રસ્તુત કરેલ આચારસંહિતા અને નીતિ-નિયમો તથા માપદંડને આપણે કુર્આન અને હદીસથી જાણી શકીએ છીએ. કુર્આન અને હદીસનું જ્ઞાન જ એ 'અલ-ઈલ્મ' (The Knowledge) છે, જેની ઈચ્છા પ્રત્યેક મુસ્લિમ પુરુષ અને સ્ત્રી માટે અનિવાર્ય ઠેરવવામાં આવેલ છે. આ ઈલ્મની પ્રાપ્તિ માટે સૌપ્રથમ જરૂરી વાત એ છે કે માણસ અરબી ભાષા શીખે અને પ્રત્યક્ષ રૂપે તેનો લાભ ઉઠાવે. જો એ સંભવ ન હોય તો અનુવાદો, ભાષાંતરો અને તફસીરો (સ્પષ્ટીકરણ અને સમજૂતી આપતાં પુસ્તકો) છે, તેનાથી મદદ મેળવે. દર્સના હલ્કાઓ (વ્યખ્યાન-વર્તુળો) અને પ્રવચનોથી લાભાન્વિત થાય. પરંતુ આ ઈલ્મની ઈચ્છા કોનામાં કેટલી છે અને કેટલી નથી, એ વાત સ્વયં તેના પર આધારિત છે અને એ વાત પણ છેવટે વળી-વળીને તેના ઉપર જ આવે છે કે તેણે મેળવેલ ઈલ્મ અનુસાર ક્યાં સુધી તે પોતાને સુધારે છે ? આ ઈલ્મની તરસ જો હોય જ નહીં, તો ચાહે તેના ફુવારાઓ ચારે તરફથી છૂટી રહ્યા હોય, એક વ્યક્તિ જાહિલ (અજાણ્યો અને અજ્ઞાની) જ પડ્યો રહેશે અને જો તેનામાં અમલી રીતે સ્થગિતતા

આવી ગઈ છે, તો ચાહે ઇલ્મ તેના અંદર બહારથી ઠોંસી પણ દેવામાં આવે, તો પણ તેના માટે નિરર્થક પુરવાર થશે.

એ વ્યક્તિનું પોતાનું કામ છે કે તે પોતાના અંદર આચારસંહિતા અને નીતિ-નિયમો તથા માપદંડના ઇલ્મ (જ્ઞાન)ની તરસ યથાવત રાખે અને જે જ્ઞાન તેણે મેળવ્યું હોય તે અનુસાર આચાર-વિચાર અને વ્યક્તિત્વની સુધારણાનું અભિયાન ચાલુ રાખે.

એક નિર્ધાર, એક નિર્ણય

જો આપણે માનવીની માનસિકતાનું ઊંડું વિશ્લેષણ કરીએ, તો ચાહે જીવનમાં આવેલ કોઈ પૂર્ણ કે સર્વગ્રાહી પરિવર્તન હોય કે કોઈ એક ભાગની સુધારણા, દરેક ફેરફાર એક નિર્ધાર અને એક નિર્ણયનું પરિણામ હોય છે. જ્યાં સુધી કોઈ હિંમતભર્યો નિર્ધાર કરી લેવામાં ન આવે અને ઇરાદાની શક્તિ પોતાના જ પગ ઉપર ઊભી થઈને એક અંતિમ ફેંસલાનું એલાન ન કરી દે, આપણા અંદર કોઈ તબદીલી આવી શકતી નથી. ઘણી વસ્તુઓ છે, જેની આપણે પ્રશંસા કરીએ છીએ અને વાતચીતમાં તેમના ઉપર અમલ કરવાનું આવશ્યક માનતા રહ્યા છીએ, પરંતુ વ્યવહારિક રૂપે તેમને અપનાવતા નથી. બીજી બાજુ ઘણી વસ્તુઓને આપણે ખરાબ કહીએ છીએ અને સફળ થવું હોય તો તેનાથી બચવું જરૂરી ઠેરવીએ છીએ, પરંતુ જીવનભર તે આપણાથી ચોંટીને રહે છે. આ અજ્ઞાન અને અલ્પજ્ઞાનની સ્થિતિ માત્ર એ કારણે આપણા ઉપર વર્ષો સુધી છવાયેલી રહે છે કે આપણે એક અંતિમ નિર્ણય લેતા નથી, બલ્કે વચ્ચે જ લટકતા રહીએ છીએ. નફ્સની ઇસ્લાહ (આત્મશુદ્ધિ)ની કોશિશ શરૂ કરવા માટે સૌથી પહેલી જરૂરત એ છે કે માણસ જ્ઞાન, ચેતના અને વિવેકબુદ્ધિ અનુસાર દરેક મામલામાં અંતિમ નિર્ણય કરવાની અને દૃઢ નિર્ધાર કરવાની યોગ્યતા પોતાનામાં પેદા કરી લે.

ઇસ્લામ એવો માનવી તૈયાર કરવા માગે છે, જે અલ્લાહ અને રસૂલ ﷺ નો આજ્ઞાંકિત બનીને બીજા લોકોની ભલાઈ ચાહે, દુનિયામાં ભલાઈની વસ્તુઓમાં વધારો કરવા અને જીવનને સારી વાતોથી શણગારવામાં મગ્ન થઈ જાય. હવે, આવો માણસ એ જ બની શકે છે, જે એકી વખતે એ અંતિમ નિર્ણય કરે કે આજથી હું કોઈની સાથે બૂરાઈ કરવા માટે ન તો દિમાગથી વિચારીશ અને ન પોતાના અંગોથી એવું કોઈ કૃત્ય કરીશ. આજથી હું માનવતા માટે કલ્યાણકારી વસ્તુઓમાં વધારો કરીશ અને આ વસ્તુઓને નુકસાન પહોંચાડવાનું સહન નહીં કરું. આજથી જીવન તથા સભ્યતા અને સમાજને સારી વસ્તુ આપીશ અને તેને ખરાબ કરવામાં કોઈ ભાગ નહીં લઉં. સરવરે દોઆલમ ﷺ ના આહવાન્ પર જે હસ્તીઓએ લબ્બૈક કહી હતી, તેમણે આવા જ

અંતિમ નિર્ણયો કર્યા હતા અને આવા જ મક્કમ નિર્ધારો કર્યા હતા. દુનિયાએ લાલચ અને ભયના તમામ સાધનો લઈને તેમના વિરુદ્ધ આક્રમણ કર્યું, પણ તેઓ આ દુનિયાથી એવી દૃઢતાથી ટકરાઈ ગયા કે તેની અસત્ય વ્યવસ્થાઓના ફૂરચે-ફૂરચા ઊડી ગયા. એવા વ્યક્તિની બીજાથી શું તુલના કરી શકાય છે, જેણે ખજૂરો ખાતાં-ખાતાં આવો જ અંતિમ નિર્ણય કર્યો અને જોત-જોતામાં જિહાદના મોરચા પર કુરબાન થઈ ગયો.

એક આપણે છીએ કે દિવસ-રાત બીજા લોકો તરફથી થતાં જે અનુભવોમાં અરુચિ કે અણગમો મહેસૂસ કરીએ છીએ અને તેની બૂરાઈનો અહેસાસ થતો રહે છે, તેમનાથી પોતે દૂર રહી શકતા નથી. બસો પર જે ધમાચકડી થાય છે, સડકો અને શેરીઓમાં જે ગંદકી ફેંકવામાં આવે છે, બોલચાલમાં જબાનોની ગંદકી અને ભાવનાઓની કટુતા સામે આવે છે, કટાક્ષપૂર્ણ નજર અને વાતચીતમાં જે નીચતાનું પ્રદર્શન થાય છે, તેનાથી કોને પીડાનો અનુભવ નહીં થતો હોય ! પરંતુ આપણે પોતે ધાંધલ-ધમાલ મચાવીએ છીએ, આપણે પોતે ગંદકી ફેંકીએ છીએ અને પોતાની નજરો અને જબાનોને આપણે પોતે કાબૂમાં નથી રાખી શકતા.

પછી, આપણા ત્યાં એ વિચિત્ર પરિસ્થિતિ જોવા મળે છે કે ઉચ્ચ શૈક્ષણિક ડિગ્રીઓ મેળવ્યા પછી આપણા આધુનિક વિચારો ધરાવતા લોકો પણ ઘર, સમાજ, સભા અને બેઠકો, રીત-રિવાજ અને પરંપરાઓ તથા મામલાઓ અને વ્યવહારમાં વાણી-વર્તનની તમામ અધમતાઓમાં ગ્રસ્ત રહે છે, જેને અજ્ઞાનતાપૂર્ણ કહી શકાય. સારામાં સારા પુસ્તકો આંખો સામેથી પસાર થાય છે અને કેટલાય પ્રવચનો અને ભાષણો તથા વાતચીતો અને ગોષ્ઠીઓ સાંભળવામાં આવે છે, પરંતુ નૈતિક સ્થિતિમાં કોઈ મોટો ફેરફાર થતો નથી. આ અત્યંત સ્થગિતતાની નિશાની છે.

ચરિત્ર તો એવા લોકો બનાવી શકે છે, જેઓ જ્યારે કોઈ બૂરાઈનો અહેસાસ પણ કરે કે આ હાનિકારક છે, તો એ જ વખતે જોત-જોતામાં પોતાના મનમાં નિર્ધાર કરી લે કે બસ, આ પળથી જ મેં આને છોડી દીધી. આનું જ્વલંત ઉદાહરણ મદીનાની એ જાગરૂક અને જોશીલી હસ્તીઓએ પ્રસ્તુત કર્યું હતું, જેમણે દારૂના હરામ (અવૈધ) હોવાનો હુકમ સાંભળતાં જ હોઠોથી લગાવેલ પ્યાલાઓ હટાવી દીધા, કે પછી એ મહિલાઓનો મુબારક આદર્શ, જેમણે પરદાનો હુકમ સાંભળતાં જ કમરપટ્ટાઓ ફાડી-ફાડીને તરત જ ઓઢણીઓ બનાવી લીધી અને ઘૂંઘટ તાણી લીધા. જે વ્યક્તિ બૂરાઈને બૂરાઈ મહેસૂસ કરી લીધા પછી તેને સાથેને સાથે લઈને ચાલે છે અને જે વ્યક્તિ એક નૈતિક તકાદા અંગે સભાન અને સચેત થઈ ગયા પછી પોતાના ઉપર તેને લાગુ નથી કરતો, બલ્કે 'આ થવું જોઈએ' અને 'આવું થવું જોઈએ', 'આ સારું છે', 'આ ખરાબ

છે'ના રટેલાં શબ્દો અને વાક્યો શાયર અને કવિની જેમ દોહરાવતો રહે છે, તેને કોઈ દર્સ (વ્યાખ્યાન, સંભાષણ) અને કોઈ શિક્ષા-દીક્ષાની વ્યવસ્થા અને કોઈ ખાનકાહ અને કોઈ જમાઅતી (સંગઠનીય) માહોલ સુધારી શકતો નથી. આવો માણસ અભાન અને અચેતનાવસ્થા, નિષ્ક્રિયતા અને સુસ્તી અને માનસિક સ્થગિતતા તથા દિલની અપંગતાનો રોગી છે. તે હંમેશા એ વાતની રાહ જોતો રહેશે કે કોઈ તેને ફૂંક મારીને અથવા એક સાચી દૃષ્ટિ નાખીને કંઈક સંભળાવી દે અને કોઈ જબરજસ્તી તેનો હાથ પકડીને તેને અંતિમ વિદ્વતા અને દિવ્યતાના દરજ્જા પર પહોંચાડી દે.

નેકીનું સ્થાન પ્રાપ્ત કરવા માટે જરૂરી છે કે દરેક મામલામાં સ્પષ્ટ નિર્ધાર અને અંતિમ નિર્ણય કરી લેવામાં આવે, નિર્ણયોને સિદ્ધાંત અને નિયમ બનાવી લેવામાં આવે, સિદ્ધાંતોને સ્થાયી પરંપરા અને મજબૂત ટેવ અને પ્રસ્થાપિત રૂઢિના રૂપમાં ઢાળી દેવામાં આવે. પ્રત્યેક ઈરાદાને પૂરો કરવા, દરેક નિર્ણયને નભાવવા, દરેક સિદ્ધાંતનો હક્ક અદા કરવા તથા આદતો અને પરંપરાઓના પાબંદ રહેવામાં કુરબાનીઓ આપવી પડે છે, કુરબાનીઓ જ તેમને કીમતી અને પ્રિય બનાવે છે.

વ્યક્તિત્વ આદત અને પરંપરાઓથી જ બને છે. વ્યક્તિની આદતો તેમજ કોમો, પરિવારો અને જમાઅતો (સંગઠનો)ની પરંપરાઓ ખૂબ મજબૂત અને દૃઢ તાકાત હોય છે, જે કોઈ ખાસ પ્રકારના વ્યક્તિત્વની રક્ષા કરે છે. એક જ રીત અને પદ્ધતિ પર વારંવાર અને નિરંતર અમલ કરીને એક વ્યક્તિ તેમાં એટલો દૃઢ થઈ જાય છે કે જો તેને તેના વિરુદ્ધ કંઈ કરવાનું કહેવામાં આવે તો તે લાચારીપૂર્વક તેનાથી ક્ષમાયાચના માગશે કે 'આવું તો હું કદાપિ કરી શકતો નથી.' એ જ પ્રમાણે એક વિશેષ પ્રકારની નૈતિક પરંપરાઓ ધરાવનાર પરિવાર કે સમાજના કોઈ માણસથી જો આ પરંપરાઓ વિરુદ્ધ કોઈ કામની માગણી કરવામાં આવે તો તે સ્વાભિમાનથી તેનો ઇન્કાર કરી દેશે કે 'આવું મારાથી થઈ શકે એવી કોઈ સંભાવના નથી.'

એક વ્યક્તિના સામે દરેક મામલામાં સ્પષ્ટ અને નિર્ધારિત સિદ્ધાંતો અને નિર્ણયો હોવા જોઈએ કે હું – 'આ અને આ કરીશ અને આ નહીં કરું.' તેના આચરણ અને કૃત્યની નિશ્ચિત સીમાઓ હોવી જોઈએ. તેના અંદર નેકીની સ્થાયી આદતો અને પરંપરાઓ કાયમ હોવી જોઈએ. તેથી ઇસ્લામે ક્યારેક-ક્યારેક, કોઈ વખતના અલગ-અલગ કાર્યોની સરખામણીએ એ નાના કાર્યને પ્રાથમિકતા આપી છે, જેને માણસ સાતત્યતાથી અને નિરંતર કરે. નેકી જે પણ અપનાવવામાં આવે, તે માણસના ચરિત્રનો એક સ્થાયી હિસ્સો બની જવો જોઈએ.

હવે એ વાત તદ્દન સ્પષ્ટ છે કે અંતરમનમાં અંતિમ નિર્ધાર કરી લેવો, નિર્ધારને

સિદ્ધાંત બનાવી લેવું અને સિદ્ધાંતોને આદતો અને પરંપરાઓમાં ઢાળી દેવું માણસના પોતાના જ ઉપર નિર્ભર છે, બહારથી કોઈ વ્યક્તિ મુરબ્બી (Guardian, Patron, Protector, Fosterer) અને મુઝક્કી (Purifier)ની આ જવાબદારી પૂરી નથી કર શકતો.

નફ્સની ઓળખ (સંજ્ઞાન)

(અંતરમનને પામવું)

પોતાની સુધારણા અને વિકાસ પોતાને, પોતાની જાતને જાણ્યા વગર સંભવ નથી. તેના માટે પોતાના નફ્સ (મન, અંતર)ને જાણવું, ઓળખવું, તેને પામી લેવું અને તેના સુધી પહોંચવું સૌથી મોટી આવશ્યકતા છે. 'મઅ્રિફતે-નફ્સ'નો અર્થ એ પણ છે કે માણસ પોતાના મનના સ્વભાવને જાણી લે, અને હદીસ અનુસાર તેનો અર્થ દિવ્ય શક્તિ (Angelic Power) ના મુકાબલામાં કામ કરતી શૈતાની શક્તિ દરમ્યાન જે સંઘર્ષ રહે છે તેના ઉપર નજર રાખવામાં આવે, અને એનાથી અભિપ્રેત એ પણ છે કે વિશેષતઃ એક વ્યક્તિ પોતાના મનની વ્યક્તિગત અને વિશિષ્ટ સ્થિતિને સમજતો હોય.

નફ્સને જો આપણે એક અંધાધૂંધ હાલતમાં છોડી દઈએ કે તેમાં વિભિન્ન સારી અને ખરાબ શક્તિઓ એક દંગલ મચાવી રાખે અને જ્યારે જે વલણ પણ જોર પકડી લે, જીવન તે અનુસાર ઢળી જાય, તો આ અંધાધૂંધ હાલતની સાથે કોઈ સુધારણાની સંભાવના નથી. ચરિત્રના નિર્માણ માટે નફ્સનું એક વ્યવસ્થિત અને અનુશાસિત સલ્તનતનું સ્વરૂપ ધારણ કરવું જરૂરી છે, જેમાં તમામ ઈચ્છાઓ, હેતુઓ, ચાલકો, પ્રેરકો તથા વલણો બરાબર પોતાના મરતબા અને સ્થાન પર મૂકવામાં આવ્યા હોય અને પ્રત્યેક માટે તેની સીમાઓ નિર્ધારિત હોય.

પોતાની સુધારણાના ઇચ્છુક દરેક વ્યક્તિ માટે એ અત્યંત જરૂરી છે કે તે પોતાની ખાસ નબળાઈઓ અંગે સભાન હોય. વારંવારના અનુભવોથી આપણને એ અંદાજ આવે છે કે આપણા વ્યક્તિત્વનું નબળું પાસું કયું છે. કોઈની અંદર ઘમંડ અને અભિમાનનો રંગ જોવા મળે છે, કોઈના અંદર ગુસ્સાની કટુતા વધારે હોય છે, કોઈમાં સ્વમતાગ્રહનો રોગ હોય છે, તો કોઈમાં જાતીય ઈચ્છાઓમાં અસંતુલન જોવા મળે છે. કોઈના અંદર ફુઝૂલ ખર્ચી અને કંજૂસીની નિશાનીઓ હોય છે, તો કોઈના ઉપર નિરાશા અને હતાશાના હુમલાઓ વધારે થાય છે. કોઈ વ્યક્તિમાં એકલતાવાદી વલણ જોવા મળે છે અને કોઈ બીજામાં બીજી કોઈ નબળાઈઓ જોવા મળે છે. પોતાનામાં રહેલી આ

કમજોરીઓને જાણી લેવી અને તેના વિરુદ્ધ એક સંઘર્ષ અને કોશિશ ચાલુ રાખવી વ્યક્તિત્વને સુધારવા-સુશોભિત કરવા માટે ખૂબ જ અનિવાર્ય છે; નહિં તો જો આપણે પોતાની નબળાઈઓને ઢીલી મૂકી દઈશું, તો છેવટે તે સમગ્ર વ્યક્તિત્વ ઉપર છવાઈ જશે.

સૌથી મોટી વાત એ છે કે મન, મસ્તિષ્ક અને આત્માના કેન્દ્ર પર કડકાઈભરી નજર રાખવાની આવશ્યકતા છે, જેનું શરીઅતમાં પારિભાષિક નામ 'કલ્બ' (હૃદય, દિલ, અંતરાત્મા, અંતઃકરણ) છે. 'કલ્બ' જ એ મુખ્ય સ્ત્રોત છે, જ્યાંથી વિચારો અને અનુભૂતિઓ તથા ભાવનાઓ અને લાગણીઓના ઝરણાં ફૂટે છે. ફસાદ (બગાડ) જ્યારે આ સ્ત્રોતમાં આવે છે, તો પછી સમગ્ર વ્યક્તિત્વમાં ફેલાઈ જાય છે અને સુધારણા પણ જ્યારે આ સ્ત્રોતની થાય છે, તો સમગ્ર ચરિત્ર સુધરી જાય છે. 'કલ્બ' દુરસ્ત હોય તો આ જ અસલ 'મુરબ્બી' અને 'મુઝક્કી' છે, આ જ 'મુફતી' અને જજ છે; આ જ સચેત, સતર્ક, જાગૃત, તત્પર અને સ્વસ્થ સંત્રી અને દરવાન છે. આ જો બગડી જાય, તો પછી બહારની કોઈ સહાયતા આપણને સુધારી નથી શકતી.

રસૂલે અકરમ ﷺ નું માર્ગદર્શન એ છે કે બગાડ જ્યારે આવે છે, તો આ જ 'કલ્બ' કે આત્માના કેન્દ્રમાં એક કાળું ટપકું થઈ જાય છે. માણસની નજર જો આ કેન્દ્ર પર લાગેલી ન રહે અને તે આ કાળા ટપકાંને તરત જ દૂર ન કરી નાખે, તો આ ટપકું ફેલાવા લાગે છે, ત્યાં સુધી કે તેની કાળાશ આખા 'કલ્બ' પર છવાઈ જાય છે. શરૂઆતમાં એક ગંદો અને ખરાબ વિચાર, એક નીચ અને હલકી ભાવના અને એક ભ્રષ્ટ અને તોફાની-વિદ્રોહી પગલું કાળું ટપકું પેદા કરે છે. આ કાળા ટપકાને જો તરત જ દૂર કરી દેવામાં ન આવે, તો પછી તે વિસ્તરીને અને ફેલાઈને વ્યક્તિની સમગ્ર કર્મ-નોંધને કાળી કરી નાખે છે. એક જાગૃત અને સતર્ક દિલ ધરાવતો મુસ્લિમ તેના પ્રગટ થવાની સાથે જ તૌબા (ક્ષમાયાચના) અને પશ્ચાતાપના આંસુઓથી તેને ધોઈ નાખે છે.

હવે, દેખીતું છે કે પોતાના 'નફ્સ' ઉપર નજર રાખવી, પોતાની કમજોરીઓને જાણવી અને તેના વિરુદ્ધ સંગ્રામ શરૂ કરવો તથા પોતાના આત્માના કેન્દ્રની રખેવાળી કરવી દરેક વ્યક્તિના પોતાના ઉપર જ નિર્ભર છે. આ મામલામાં બહારથી કોઈ બીજો વ્યક્તિ તેના ભાગની જવાબદારી અને કર્તવ્ય અદા નથી કરી શકતો. આપણે બીજા લોકોની મદદના ગમે તેટલા મોહતાજ કેમ ન હોઈએ, 'અપની ઈસ્લાહ આપ' (પોતાની સુધારણા પોતે કરો)નો નિયમ અપનાવીને આપણે આપણા ભાગની જવાબદારી પૂરી ન કરીએ, તો બીજા લોકોની મદદ પણ આપણને કોઈ લાભ પહોંચાડી શકતી નથી !